

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા એમ.સી.ડબલ્યુ હાઈસ્કૂલથી રેલવે સ્ટેશન તરફ જવાનો માર્ગ બિસ્માર

ડીસા શહેરની એમ.સી.ડબલ્યુ હાઈસ્કૂલથી રેલવે સ્ટેશન તરફ જવાનો માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાં છે. જેથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્ર દ્વારા રોડનું સમારકામ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે. ડીસા શહેરની હરિઓમ સ્કૂલ, સંત અન્ના હાઈસ્કૂલ અને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે રોડ વચાળે મોટા ખાડા પડ્યા છે. ચોમાસાની સિઝનમાં વરસાદનું પાણી ભરાઈ રહેવાથી જીવલેણ સાબિત થઈ શકે તેમ છે. તેમજ આ વિસ્તારમાં રહેતા સ્થાનિકોને ઘુંટણસમા ખાડામાં વરસાદી પાણી ભરાઈ રહેતુ હોવાથી વાહનો ફસાઈ જાય છે અને વાહનચાલકો કફોડી સ્થિતિમાં મુકાય છે. વરસાદી પાણીના કારણે કાદવ કિચડ થતા સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય છવાયેલું છે. શાળાએ આવતા-જતા બાળકોને પણ ફરજીયાત કિચડમાંથી પસાર થવું પડે છે. શહેરમાં ચારેબાજુ કાદવને કારણે અસહ્ય ગંદકીથી ખદબદે છે. ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા આ અંગે ઘટતી કાર્યવાહી કરી સમસ્યાનો જલ્દી અંત લાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## હિંમતનગરમાં જનેતાએ બે પુત્રીઓ સાથે અંધશ્રદ્ધામાં આત્મહત્યા કરવાનો પ્રયાસ

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં બસ સ્ટેન્ડ સામેના વણઝારાવાસમાં સોમવારે એક જનેતાએ અંધશ્રદ્ધામાં પહેલા બે પુત્રીને પેટના અને ગળાના ભાગે જ્યારે ત્યાર બાદ પોતાના ગળા, પેટ, છાતી અને બંને હાથના કાંડાના ભાગે પત્રી અને તિક્ષ્ણ હથિયાર વડે ગંભીર ઈજાઓ કરી હતી. જેમાં બે વર્ષીય પુત્રીનું સ્થળ પર મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત પાંચ દિવસીય પુત્રી અને માતાને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડાયા હતા. બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે આતમજી લાલાજી વણઝારાની ફરિયાદ આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડ સામે આવેલા વણઝારા વાસમાં પોતાના પિતાના ઘરે ડીલીવરી પર આવેલ ૨૨ વર્ષીય લલીતાબેન ઉર્ફે લલુબેન ઈશ્વરજી વણઝારાને રવિવારે રાત્રીના સમયે સપનામાં અગાઉનું કોઈ મરણ ગયેલ જે સપનામાં બુમો પાડી કહેલ કે તું મારી દીકરી છુ મારી પાસે આવી જા તેવું સાભળેલ જેથી પોતે પોતાની બંને દીકરીઓ સાથે મરી જવાનું નક્કી કરી સોમવારે સવારે આશરે ૧૨ વાગેના સુમારે કોઈ તિક્ષ્ણ હથિયાર અને પત્રી વડે પ્રથમ બે વર્ષીય નવ્યાને ગળા અને પેટ ત્યાર બાદ પોતાની પાંચ દિવસી બેબીના કુણા શરીરના પેટ અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી અને પછી પોતે પોતાના શરીરના ગળા અને છાતીના ભાગે તથા બંને હાથના કાંડાના ભાગે ગંભીર ઈજાઓ કરી હતી. પરિણામે ગંભીર ઈજાને કારણે નવ્યાનું સ્થળ પર મોત નીપજ્યું હતું જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત પાંચ દિવસીય પુત્રી અને માતાને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લાવ્યા હતા જ્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે બંનેને અમદાવાદ સિવિલમાં ખસેડાયેલ હતા. બીજી તરફ નવ્યાનું હિંમતનગર સિવિલમાં પોસ્ટમોર્ટમ કરી પરિવારજનોને લાશ સોંપી દેવાઈ હતી. પોલીસને આ ઘટનાની જાણ થતા તાત્કાલિક સિવિલમાં હિંમતનગર ટાઉન પોલીસ મથકના અજમાઈશી નાયબ પોલીસ અધિક્ષક બલદેવ દેસાઈ અને પીઆઈ જે.એમ. આલ સ્ટાફ સાથે આવી ગયા હતા અને આતમજી લાલાજી વણઝારાની ફરિયાદ આધારે પોલીસે કલમ ૩૦૨, ૩૦૭, ૩૦૯, બી પીએક્ટ ૧૩૫ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## હિંમતનગરમાં વેલફેર ફાઉન્ડેશન દ્વારા રમઝાન કીટનું વિતરણ કરાયું

હિંમતનગર, તા. ૨૯

જમાતે ઈસ્લામી હિંદ હિંમતનગર આયોજીત હ્યુમેન વેલફેર ફાઉન્ડેશન દ્વારા જમાતે ઈસ્લામી હિંદના વિઝન-૨૦૧૬ સંબંધે રમઝાન કીટના વિતરણનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

હિંમતનગરના પાણપુર (પાટીયા) ખાતે જમાતે ઈસ્લામી હિંદ હિંમતનગર આયોજીત એક હ્યુમેન વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા જમાવતે ઈસ્લામી હિંદના ઉમદા આશયથી સંબંધે રમઝાન કીટના વિતરણનો એક કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ૫૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઐયુબભાઈ મેમણ, અ. કાદરભાઈ મેમણ, હાજી ઈબ્રાહીમાઈ કે. બાવાલા, સાબરકાંઠા જિલ્લામાં પણ વડાલી, લાલપુર, માલપુર, મોડાસા અનેગ્રામ્યમાં કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં




જાનમહંમદ મેમણ, સહીત ૨૦ ભાઈઓ અને કીટ મેળવનાર ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાહતા. હબીબ શેઠ, સિકંદરભાઈ સુમરા, સફીભાઈ મેમણેસમગ્ર કાર્યક્રમનુંસફળ અને સુંદર આયોજન કર્યુ હતું.

## ઈડર બસ સ્ટેન્ડ બિસ્માર હાલતમાં

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેરના બસ સ્ટેન્ડની હાલત અત્યંત કફોડી છે. ઈડરના બસ સ્ટેન્ડમાં વિકાસના નામે મીંડુ છે. ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ રહેવાથી તેમજ ગંદકીને પગલે મુસાફરોને બેસવા માટે યોગ્ય જગ્યા ન હોવાથી ઉભા રહેવાની ફરજ પડે છે. અન્ય બસ ડેપોની માફક આ બસ સ્ટેશનની પણ સુવિધામાં વધારો થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેરનું બસ સ્ટેશન જાણે વિકાસથી વંચિત રહ્યું હોય તેવું ઈડરવાસીઓને લાગે છે. ઈડર બસ સ્ટેન્ડમાં રોજની ૪૫૦ થી વધુ બસોની અવર-જવર કરે છે. બસ સ્ટેન્ડ પાસે જગ્યા પણ ખુબ વિશાળ છે. પરંતુ વિકાસનું સૂત્ર જાણે આ બસ સ્ટેન્ડ લાગુ પડતુ નથી. પાયાની સુવિધાનો પણ અભાવ જણાય છે. સ્ટેશનની અંદર અન્ય બસ સ્ટેન્ડની જેવી અદ્યતન દુકાનો બનાવવામાં આવે તેમજ ચોમાસાની ઋતુમાં બસ સ્ટેન્ડમાં વરસાદી પાણી ભરાઈ રહેતુ હોવાથી અસહ્ય ગંદકી તેમજ કાદવ-કીચડને કારણે મુસાફરોને ભારે મુસ્કેલીનો સામનો કરવો પડે છે. મુસાફરોને બેસવા માટેની યોગ્ય જગ્યા પણ ઉપલબ્ધ ન હોવાથી મુસાફરોને બસ આવે ત્યાં સુધી ઉભા રહેવાની ફરડ પડે છે. તંત્ર દ્વારા બસ સ્ટેન્ડની યોગ્ય માવજત કરી અન્ય બસ સ્ટેન્ડ જેવું બનાવવામાં આવે તેવી ઈડરની પ્રજાની માંગણી અને લાગણી છે.

## ખેડબ્રહ્મામાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મામાં બાફ અને ઉકળાટ વચ્ચે કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ વરસવાનો શરૂ થયો હતો. જેમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૧૦૨ મી.મી. વરસાદ ખાબક્યો હતો. જેના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. ખેડબ્રહ્મામાં પહેલા વરસાદથી સિઝનનો કુલ વરસાદ ૬૯૭ મી.મી. વરસાદ નોંધાયો હતો.

## અંબાજી મુકામે લોહાણા અખબાર જગતનું દ્વિતીય અધીવેશન યોજાયું

અંબાજી ઈસ્કોન અંબે વેલી જેમાં અખીલ ગુજરાત લોહાણા હતા. અહીં ઉડન ખટોલાના ઉપયોગ કરવા જણાવ્યું હતુ ત્યારબાદ





ખાતે સમગ્ર ગુજરાતના અખબારના માલિકો, તંત્રીઓ, પત્રકારો, લેખકો નું એક અધીવેશન યોજાયું હતુ. અધીવેશનમાં સમાજ પ્રત્યે તેમજ દેશ પ્રત્યે પત્રકારત્વનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતું અને સમગ્ર ભારત ભરનું આ પ્રથમ જ્ઞાતિનું એશોશીયન હોવું જોઈએ તેવું ઈ.ટી.વી ના અંબાજી ખાતેના પ્રતિનિધિ મહેન્દ્રભાઈ અગ્રવાલે જણાવ્યું હતુ અને ૧૦૦ થી વધુ અખબારના પત્રકારો માલીકો ઉપસ્થીત રહ્યા હતા.

સમાજના મહામંત્રી ભગવાનદાસ બંધુ, મુકેશભાઈ ઠક્કર, લોકસત્તા જનસત્તાના તરૂણભાઈ દત્તાણી, કવી કનુભાઈ આચાર્ય, રમેશભાઈ સ્વાતી, સંદેશના કૃષ્ણકાંત ઉનડકટ, ડીસાના લાયન્સ પ્રમુખ દયારામભાઈ ઠક્કર હાજર રહી કાર્યક્રમનો શોભાવ્યો હતો.

બે દીવસનાં આ અધીવેશનમાં દરેકને માં અંબાના દર્શન તેમજ ગબ્બર ઉપર ઉડન ખટોલા દ્વારા ગબ્બરના દર્શન કરાવવામાં આવ્યા કર્મચારીઓ દ્વારા દરેક પત્રકારોને સન્માનીત કરવામાં આવ્યા અને અલ્પાહાર તેમજ મોમેંટો આપી હતી. દરેક પત્રકારોએ ઉડનખટોલાના સ્ટાફનો આભાર માન્યો હતો. ત્યારબાદ ગાયત્રી શક્તિપીઠ દ્વારા સર્વેને આવકારવામાં આવ્યા હતા.

લોહાણા અખબાર જગતના અધીવેશનમાં વિશ્વ વિખ્યાત ચુંદડીવાળા માતાજી સાક્ષાત ઉપસ્થીત રહી સર્વેને આશીર્વચન પાઠવી લોકહીતના કાર્યમાં પોતાની કલમનો તેમને પત્રકારોને પેન આપી સન્માનીત કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા દીનેશભાઈ બરોડાવાળા, શંકરભાઈ કતીરા, ભગવાનદાસ બાંધુ, આનંદભાઈ ઠક્કર, જીતુભાઈ સેજાણી, તેમજ મહેશભાઈ ઉદેચા દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમજ અંબાજી ખાતેના ઈ.ટી.વી ના પ્રતિનિધી શ્રી મહેન્દ્રભાઈ અગ્રવાલે સારો સહકાર આપી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય ફાળો આપ્યો હતો.

## ઊંઝામાં ધીમા વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા

ઊંઝા, તા. ૨૯

ઊંઝા તાલુકામાં છેલ્લા બે દિવસથી અવિરતપણે વરસાદ તુટી પડતાં નીચાણવાળા ભાગોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લગભગ ત્રણ ઈંચ ઉપરાંત વરસાદ પડ્યો છે. ભારે વરસાદને કારણે ખેતરોમાં જ્યાં પાણી ભરાયા છે ત્યાં વાવેતરોને નુકસાન થયેલ છે. જેમાં કપાસ, કઠોળ, તલના પાકોને વધુ નુકસાન થયું હોવાનું ખેડૂતોનું કહેવું છે. સતત વરસાદથી ખેતરોમાં વરાપ થઈ શકી નથી. જેથી જુવાર (દાણા) તથા દિવેલાના વાવેતરની કામગીરી અટકી પડી છે.

બીજુ તાલુકાના કેટલાક ગામોમાં વરસાદી પાણીના નિકાલ માટે ચોમાસા પૂર્વે સ્થાનિક ગ્રામ પંચાયતો દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતાં ઠેર ઠેર પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. આ ઉપરાંત કેટલાક ગામોમાં સફાઈના અભાવે ઠેર ઠેર કાદવ કીચડ અને ગંદકીના લીધે મચ્છરજન્ય રોગચાળો ફેલાય તેવી ગંભીર સ્થિતિ પેદા થઈ છે. તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા લગભગ એક માસથી પાણીજન્ય અને મચ્છરજન્ય રોગો તેમજ ઋતુના ફેરફારને કારણે થતા વિવિધ રોગોએ માથુ ઉંચકતા સરકારી અને ખાનગી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. મેલેરીયા, કમળો, તાવ, શરદી, ખાંસી, ઝાડા ઉલટી જેવા રોગોમાં ઘણા લોકો સપડાયા છે. જેઓ હાલ માંદગીના બિછાને પડ્યા છે. પરંતુ આરોગ્યતંત્ર દ્વારા રોગચાળાને ડામવા માટે કોઈ જ અસરકારક પગલાં ભરાતા નથી.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| તલોદ | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૪૯ |
| એરંડા | ૬૪૦ | ૬૪૯ |
| ઘઉં | ૩૦૨ | ૩૪૦ |
| બાજરી | ૨૧૨ | ૨૯૮ |
| ગવાર | ૭૧૦ | ૯૫૦ |
| **સલાલ** | | |
| એરંડા | ૬૩૫ | ૬૫૫ |
| મગફળી | ૭૧૦ | ૮૪૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૮૦ | ૩૨૦ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૫૦ | ૬૬૪ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૯૦૦ | ૧૦૫૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન ૩૦૮ ૩૨૦ | | |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૮૨ |
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૫૦ | ૨૮૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૫ |
| એરંડા | ૬૩૦ | ૬૪૫ |
| ગવાર | ૭૫૦ | ૯૨૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૪૦ | ૫૮૦ |
| જુવાર | ૩૨૫ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૫૭૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૪૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૭૦ | ૨૮૦ |
| એરંડા | ૬૨૫ | ૬૪૦ |
| ગવાર | ૭૨૫ | ૯૧૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૫૬૫ |
| જુવાર | ૩૦૫ | ૩૭૦ |
| રાયડો | ૫૦૫ | ૫૬૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૬૫૦ | ૭૮૬ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| રાયડો | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૯ |
| બાજરી | ૨૧૧ | ૨૬૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૮૦૦ | ૯૭૦ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૧૦ | ૩૪૧ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| એરંડા | ૬૫૦ | ૬૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| મગફળી | ૬૫૦ | ૮૫૦ |
| તલ | ૧૪૫૦ | ૧૭૫૦ |
| ગવાર | ૮૫૦ | ૮૭૧ |
| જુવાર | ૩૬૦ | ૩૯૦ |
| મગ | ૭૦૦ | ૭૨૦ |
| **કડી** | | |
| સવા | ૬૭૨ | ૬૪૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૨૭ |
| બાજરી | ૨૨૩ | ૨૬૩ |
| તલ | ૧૭૦૦ | ૧૯૨૬ |
| ગવાર | ૭૨૧ | ૯૬૫ |
| એરંડા | ૬૫૦ | ૬૫૭ |
| જીરૂ | ૧૮૦૦ | ૨૪૫૨ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૨૯૨ | ૩૪૦ |
| બાજરી | ૧૬૫ | ૨૭૮ |
| એરંડા | ૬૪૫ | ૬૬૧ |
| રાજગરો | ૧૦૫૦ | ૧૧૧૧ |
| મગફળી | ૬૫૦ | ૮૨૫ |
| મગ | ૭૪૦ | ૭૫૦ |
| **સિદ્ધપુર** | | |
| રાયડો | ૫૮૦ | - |
| એરંડા | ૬૪૬ | ૬૬૮ |
| ગવાર | ૯૨૫ | ૯૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| બાજરી | ૧૯૦ | ૨૬૮ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૩ |
| બાજરી | ૨૦૦ | ૨૭૩.૫૦ |
| રાયડો | ૫૮૬ | ૬૦૯ |
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ગવાર | ૭૩૦ | ૯૮૦ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૫૯૯ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૩૧૫ | - |
| રાયડો | ૫૫૦ | ૫૮૦ |
| બાજરી | ૨૮૦ | - |
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **પાટણ** | | |
| રાયડો | ૫૬૦ | ૫૯૪ |
| એરંડા | ૬૦૦ | ૬૫૫ |
| ઘઉં | ૨૫૦ | ૩૩૭ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ગવાર | ૭૫૦ | ૯૩૫ |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૨૧૨૧ | ૨૫૫૦ |
| વરીયાળી | ૯૮૮ | ૨૦૦૦ |
| ઈસબગુલ | ૧૨૯૫ | - |
| રાયડો | ૫૯૬ | ૬૦૫ |
| તલ | ૧૬૮૧ | ૧૯૯૫ |
| સવા | ૫૧૫ | - |
| અજમો | ૭૫૧ | - |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૧૦ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૪૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦ | ૪૬૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૪૨૦ | ૫૦૦ |
| રીંગણ | ૨૦૦ | ૬૦૦ |
| રવૈયા | ૧૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૪૦ |
| ફુલાવર | ૩૪૦ | ૪૨૦ |
| ટામેટા પાકા | ૨૪૦ | ૫૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| ગીલોડા | ૨૦૦ | ૯૦૦ |
| મરચાં દેશી | ૧૬૦ | ૩૨૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૨૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| મરચા ધોલાર | ૫૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડા | ૨૦૦ | ૮૦૦ |
| ગવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૫૦૦ |
| પરવર | ૮૦૦ | ૯૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601